# એશિયન ગેમ્સ: બાંગ્લાદેશને હરાવી ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ફાઇનલમાં, મેડલ પાક્કો

**શેફાલીએ** માત્ર 49 બોલમાં અણનમ 100 રન બનાવ્યા

**સ્મૃતિ** મંધાનાએ મહિલા T20Iમાં સૌથી વધુ રન બનાવવાનો નવો વર્લ્ડ રેકોર્ડ રચ્યો

નિશીન (જાપાન), તા. 20 (પીટીઆઈ): ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એશિયન ગેમ્સમાં સતત બીજી વખત T20I ફાઈનલમાં પ્રવેશ કરી ભારત માટે વધુ એક મેડલ પાક્કો કર્યો છે. સેમિફાઈનલમાં ભારતે બાંગ્લાદેશને 114 રને ભારે પરાજય આપીને સિલ્વર મેડલ નિશ્ચિત કર્યો છે, જેની સાથે એશિયાડમાં ભારતની મેડલ સંખ્યા 4 પર પહોંચી છે.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરનાર ભારતે 4 વિકેટે 195 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. સ્ટાર ઓપનર શેફાલી વર્માએ વિસ્ફોટક બેટિંગ કરતા પોતાના કરિયરની 118મી મેચમાં પ્રથમ T20I સદી ફટકારી હતી. તેણે માત્ર 49 બોલમાં 9 છગ્ગા અને 3 ચોગ્ગાની મદદથી અણનમ 100 રન બનાવ્યા હતા. ભારત તરફથી મહિલા T20Iમાં આ માત્ર ચોથી સદી છે.

આ મેચ દરમિયાન વાઈસ કેપ્ટન



સ્મૃતિ મંધાનાએ (37 રન) ન્યુઝીલેન્ડની સુઝીબેટ્સના 4,758 રનનો રેકોર્ડ તોડીને મહિલા T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાનો નવો વિશ્વવિક્રમ પોતાના નામે કર્યો હતો. તેણે શેફાલી સાથે ઓપનિંગમાં 72 રનની ભાગીદારી નોંધાવી હતી. ત્યારબાદ કેપ્ટન હરમનપ્રીત કૌરે (40 રન) શેફાલી સાથે ઝડપી 94 રન ઉમેર્યા હતા.

196 રનના લક્ષ્યાંક સામે બાંગ્લાદેશની ટીમ નંદની શર્માની ઘાતક બોલિંગ (3 વિકેટ) સામે માત્ર 81 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. હવે મંગળવારે ગોલ્ડ મેડલ મેચમાં ભારતનો સામનો શ્રીલંકા સામે થશે.

# શૂટિંગ: ઈલાવેનિલ વાલરીવને પ્રથમ દિવસે ભારતને અપાવ્યા બે સિલ્વર

**ઈલાવેનિલે** મહિલા 10 મીટર એર રાઇફલની ઈન્ડિવિઝ્યુઅલ અને ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેળવ્યા

**ચીને** 1904.2ના સ્કોર સાથે શૂટિંગમાં ક્વોલિફિકેશન વર્લ્ડ રેકોર્ડ તોડ્યો

નાગોયા,તા. 20 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સના પ્રથમ દિવસે જ ભારતીય શૂટિંગ દળે શાનદાર પ્રારંભ કરતા બે સિલ્વર મેડલ પોતાના નામે કર્યા છે. અનુભવી રાઈફલ શૂટર ઈલાવેનિલ વાલરીવને મહિલાઓની 10 મીટર



એર રાઈફલમાં વ્યક્તિગત અને ટીમ ઈવેન્ટ એમ બંનેમાં ભારતને સિલ્વર અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. વ્યક્તિગત ફાઈનલમાં તમિલનાડુની ઈલાવેનિલે 252.4 પોઈન્ટ્સ સાથે સિલ્વર મેડલ મેળવ્યો હતો. તે મોટાભાગના સમય માટે ગોલ્ડ મેડલની રેસમાં આગળ હતી, પરંતુ આખરી શોટ્સમાં જાપાનની હિનાતા તાઈચીએ 253.0ના એશિયન ગેમ્સ રેકોર્ડ સ્કોર સાથે ગોલ્ડ જીતી લીધો હતો. આ ઈલાવેનિલનો એશિયાડમાં પ્રથમ વ્યક્તિગત મેડલ છે. દક્ષિણ કોરિયાની ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ બેન હ્યો-જિને 230.4 સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

આ અગાઉ ઈલાવેનિલ, સોનમ ઉત્તમ મસ્કર અને વિદર્શા વિનોદની ભારતીય ત્રિપુટીએ મહિલા 10 મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં 1898.0 પોઈન્ટ્સ સાથે સિલ્વર મેડલ જીતીને ભારતનું મેડલ ખાતું ખોલ્યું હતું.

બીજી બાજુ ચીનની ટીમે 1904.2ના સ્કોરનો નવો ક્વોલિફિકેશન વર્લ્ડ ગેમ્સ રેકોર્ડ સાથે ગોલ્ડ જીત્યો હતો આ પહેલાં તેણે જ ઓગસ્ટમાં એશિયન ચેમ્પિયનશીપમાં 1902.0નો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. જ્યારે જાપાનની ટીમ 1897.1 પોઈન્ટ્સ સાથે બ્રોન્ઝ મેળવવામાં સફળ રહી હતી.

# એશિયન ગેમ્સ: દીપિકાના રેકોર્ડબ્રેક ૮ ગોલની મદદથી ભારતીય મહિલા હોકી ટીમે ઉઝબેકિસ્તાનને ૧૯-૦ થી રગદોળ્યું



**દીપિકા** એશિયાડની એક જ મેચમાં સૌથી વધુ 8 ગોલ સ્પોર્ટ્સ નારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની

**કેપ્ટન** સવિતા પુનિયાએ 320મી આંતરરાષ્ટ્રીય મેચ રમી રચ્યો ઈતિહાસ

કાકમીગાહાર, તા. 20 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા હોકી ટીમે પોતાના પૂલ-Bના પ્રથમ મુકાબલામાં ઉઝબેકિસ્તાનને 19-0૦ના વિરાટ અંતરથી હરાવીને સનસનાટી મચાવી દીધી છે. ભારતની 22 વર્ષીય સ્ટ્રાઈકર દીપિકાએ શાનદાર પ્રદર્શન કરતા રેકોર્ડતોડ 8 ગોલ (8મી, 22મી, 25૨૫મી, ૩૩મી, ૩૬મી, ૩૮મી, ૪૧મી અને ૫૪મી મિનિટ) ફટકાર્યા હતા.

આ સાથે દીપિકા એશિયન ગેમ્સની એક જ મેચમાં સૌથી વધુ ગોલ કરનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની ગઈ છે. દીપિકા ઉપરાંત ઈશિકા ચૌધરીએ ૩ ગોલ, નવનીત કૌર અને લાલથાનલુઆંગી 2-2 ગોલ નોંધાવ્યા હતા.

આ મેચમાં ગોલકીપર સવિતા પુનિયાએ ભારત માટે ૩૨૦મી આંતરરાષ્ટ્રીય મેચ રમીને વંદના કટારિયાના સૌથી વધુ મેચ રમવાના ભારતીય રેકોર્ડની બરાબરી કરી હતી. જીત બાદ દીપિકાએ જણાવ્યું કે ટીમનું મુખ્ય લક્ષ્ય ગોલ્ડ મેડલ જીતીને ૨૦૨૮ લોસ એન્જલ્સ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય કરવાઆગામી મુકાબલો સોમવારે ઈન્ડોનેશિયા સામે થશે.



# એશિયન્સ ગેમ્સ: વિવાદ છતાં ભારતીય હોકી ટીમ ભગવા રંગની જર્સી પહેરીને મેદાનમાં ઉતરી

કાકમિલગાહારા (જાપાન), તા. 20 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં ભારતીય પુરુષ અને મહિલા હોકી ટીમે પોતપોતાના પ્રથમ મુકાબલામાં ભગવા (કેસરી) રંગની કિટ પહેરીને પ્રવેશ કર્યો હતો. અગાઉ વર્લ્ડ કપ દરમિયાન જર્સીના ભગવા રંગને લઈને ભારે વિવાદ સર્જાયો હતો.

ત્યારબાદ હોકી ઈન્ડિયાના પ્રમુખ દિલીપ તિર્કીએ દાવો કર્યો હતો કે એશિયન ગેમ્સમાં ભારતીય ટીમ પોતાની પરંપરાગત બ્લુ જર્સીમાં જ વાપસી કરશે. જોકે, રવિવારે ઈન્ડોનેશિયા અને ઉઝબેકિસ્તાન સામેની મેચોમાં બંને ટીમો ફરીથી ભગવા રંગમાં જોવા મળી હતી.

આ અંગે હોકી ઈન્ડિયાના એક સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, એશિયન ગેમ્સ 2026 માટે માત્ર ભગવા રંગ અને વ્હાઈટ-સ્કાય બ્લુના કોમ્બિનેશનવાળી બે જર્સીઓ જ મંજૂર કરાઈ હતી. સૂત્રએ સવાલ ઉઠાવ્યો હતો કે, જો માત્ર આ બે જર્સી જ નક્કી થઈ હતી તો પછી પ્રમુખે ઓલ-બ્લુ જર્સીની જાહેરાત કેમ કરી હતી તે તેમને જ પૂછવું જોઈએ.

# એશિયન ગેમ્સ: ભારતીય પુરુષ હોકી ટીમનો ઈન્ડોનેશિયાને 13-1થી કચડી વિજયી પ્રારંભ



**દિલપ્રીત** સિંહના શાનદાર 4 ફીલ્ડ ગોલ; ભારતે પૂલ Aના મુકાબલામાં એકતરફી વર્ચસ્વ જાળવ્યું

કાકામીગાહારા, તા. (જાપાન), તા. 20 (પીટીઆઈ): એશિયન ગેમ્સની ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય પુરુષ હોકી ટીમે પોતાના વિજયી અભિયાનનો પ્રારંભ કરતા પૂલ Aની પ્રથમ મેચમાં ઈન્ડોનેશિયાને 13-1થી હરાવ્યું છે. ભારત તરફથી સ્ટ્રાઈકર દિલપ્રીત સિંહે દમદાર પ્રદર્શન કરતા 4 ફીલ્ડ ગોલ (18મી, 19મી, 37મી, 49મી મિનિટ) ફટકાર્યા હતા.

આ ઉપરાંત શિલાનંદ લાકડા અને સુખજીત સિંહે 2-2 ગોલ કર્યા હતા, જ્યારે અંકિત, રાજેન્દ્ર સિંહ, મનપ્રીત સિંહ, કેપ્ટન હરમનપ્રીત સિંહ અને જુગરાજ સિંહે 1-1 ગોલ નોંધાવ્યો હતો. ઈન્ડોનેશિયા તરફથી એકમાત્ર ગોલ ઓલિયા અલ અર્ધે કર્યો હતો.

મેચ બાદ દિલપ્રીતે જણાવ્યું હતું કે ટીમનું મુખ્ય લક્ષ્ય ગોલ્ડ મેડલ જીતીને 2028 લોસ એન્જલ્સ ઓલિમ્પિક્સ માટે સીધું ક્વોલિફિકેશન મેળવવાનું છે. ભારતીય ટીમનો આગામી મુકાબલો મંગળવારે શ્રીલંકા સામે થશે.

# એશિયન ગેમ્સ: ભારતીય મહિલા ટેબલ ટેનિસ ટીમનો સિંગાપોર સામે 3-2થી રોમાંચક વિજય

**શ્રીજા** અકુલા અને યશસ્વિની ઘોરપડેએ હારના આરેથી ભારતને જીત અપાવી; બંને ટીમો આજે પાકિસ્તાન સામે ટકરાશે



ટોયોટા, તા. 20 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં ટેબલ ટેનિસની ગ્રુપ-F મેચમાં ભારતીય મહિલા ટીમે 1-2થી પછડાટ ખાધા બાદ શાનદાર વાપસી કરીને સિંગાપોરને 3-2થી પરાજય આપ્યો હતો.

શરૂઆતી મેચમાં યશસ્વિની ઘોરપડેએ જિયાન ઝેંગને 11-7, 11-3, 8-11, 11-9થી હરાવી ભારતને 1-0ની સરસાઈ અપાવી હતી. જોકે, શ્રીજા અકુલા અને દિયા ચિતાલે પોતપોતાની મેચ હારી જતાં ભારત 1-2થી પાછળ ફેંકાયું હતું. ત્યારબાદ કરો યા મરો સમાન ચોથી મેચમાં શ્રીજા અકુલાએ વાપસી કરતા જિયાન ઝેંગને માત આપી મુકાબલો 2-2ની બરાબરી પર લાવ્યો હતો. આખરી અને નિર્ણાયક મેચમાં યશસ્વિનીએ લોય મિંગ સામે યાદગાર જીત નોંધાવી ભારતને વિજય અપાવ્યો હતો. આ અગાઉ, ભારતીય મહિલા ટીમે ઈન્ડોનેશિયા સામે પણ 3-0થી વિજય મેળવીને ટુર્નામેન્ટની વિજયી શરૂઆત કરી હતી. ભારતીય પુરુષ ટેબલ ટેનિસ ટીમ માટે રવિવારનો દિવસ નિરાશાજનક રહ્યો હતો. ઈરાન સામેની ગ્રુપ F મેચમાં ભારતનો 0-3 થી પરાજય થયો હતો. પ્રારંભિક મુકાબલામાં મનુષ શાહનો નોશાદ આલામિયાં સામે, બીજા મુકાબલામાં માનવ ઠક્કર બેન્યામિન ફરાજી સામે હારી જતાં ભારત 0-2થી પાછળ ધકેલાયું હતું. ત્રીજી અને નિર્ણાયક મેચમાં હરમીત દેસાઈએ વળતો પ્રહાર કરીને જોરદાર લડત આપી હતી, પરંતુ તેઓ નીમા આલામિયન સામે હારી જતાં ભારતે 0-3થી મેચ ગુમાવી પડી હતી. આ અગાઉ, પુરુષ ટીમે ઈન્ડોનેશિયા સામે 3-0થી આસાન જીત મેળવી હતી. હવે પછી બંને ભારતીય ટીમનો સામનો સોમવારે પાકિસ્તાન સામે થશે.


# પ્રીમિયર લીગ: માન્ચેસ્ટર સિટીની સન્ડરલેન્ડ સામે 8 ગોલના રોમાંચક મુકાબલામાં 5-3થી જીત

**ગ્વાર્ડિઓલા** વિના પણ સિટી અજેય

**સન્ડરલેન્ડના** બ્રાયન બ્રોબીની દમદાર હેટ્રિક એળે ગઈ; એર્લિંગ હાલેન્ડે અંતિમ ક્ષણોમાં ગોલ ફટકારી સિટીની જીત નિશ્ચિત કરી

**લિવરપૂલે** બોર્નમૌથને 1-0થી હરાવ્યું

માન્ચેસ્ટર, તા. 20 (એપી): પેપ ગ્વાર્ડિઓલાના સ્થાને નવા કોચ બનેલા એન્ઝો મારેસ્કાના માર્ગદર્શન હેઠળ માન્ચેસ્ટર સિટીએ પોતાનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખ્યું છે. રવિવારે રમાયેલા હાઈ-સ્કોરિંગ રોમાંચક મુકાબલામાં માન્ચેસ્ટર સિટીએ સન્ડરલેન્ડને 5-3થી પરાજય



આપીને ઈંગ્લિશ પ્રીમિયર લીગ (EPL)ના પોઈન્ટ્સ ટેબલમાં ટોચનું સ્થાન મજબૂત કર્યું છે. મારેસ્કાના નેતૃત્વમાં સિટીની આ સતત પાંચમી જીત છે.

ઈતિહાદ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચ અત્યંત ડ્રામેટિક રહી હતી. સન્ડરલેન્ડના સ્ટ્રાઈકર બ્રાયન બ્રોબીએ શાનદાર હેટ્રિક ફટકારીને સિટીની ડિફેન્સની નબળાઈઓ છતી કરી હતી. જોકે, માન્ચેસ્ટર સિટી તરફથી એન્ઝો ફર્નાન્ડીઝ (9મી મિનિટ), રયાન ચેરકી, એન્ટોઈન સેમેન્યો (બે ગોલ) અને એર્લિંગ હાલેન્ડે (81મી મિનિટ) ગોલ નોંધાવ્યા હતા. હાલેન્ડનો છેલ્લા પાંચ મુકાબલામાં આ 7મો ગોલ હતો, જેણે સન્ડરલેન્ડની કમબેક કરવાની આશા પર પાણી ફેરવી દીધું હતું. આ જીત સાથે માન્ચેસ્ટર સિટી બીજા સ્થાને રહેલા ચેમ્પિયન આર્સેનલ કરતાં 3 પોઈન્ટ આગળ નીકળી ગયું છે. અન્ય મેચોમાં લિવરપૂલે બોર્નમૌથને 1-0થી હરાવ્યું હતું, જ્યારે લીડ્સ અને ક્રિસ્ટલ પેલેસ વચ્ચેની મેચ 0-0થી ડ્રો રહી હતી.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### શિરવા

આપણે એને એલર્જી તરીકે ઓળખીએ છીએ. ખંજવાળ મટાડવા સરકો ચોપડતા સાથે મરીના સાત દાણા વાટી ઘી સાથે ચટાડતા. રાહત થતી.

# એશિયાડમાં ભારતનું આજનું શેડ્યુલ

**બેડમિન્ટન:** પુરુષ ટીમ (પ્રથમ રાઉન્ડ) વિ. બાંગ્લાદેશ સવારે 11.30 વાગ્યે

**બોક્સિંગ:** પુરુષ 70 કિગ્રા (રાઉન્ડ ઓફ 32), સુમિત વિ. સિનસિરી બુનજોંગ (થાઈલેન્ડ) બપોરે 2.45 વાગ્યે

**હોકી:** મહિલા પૂલ B, ભારત વિ. ઈન્ડોનેશિયા સવારે 9.30 વાગ્યે

**કબડ્ડી:** પુરુષ ટીમ, ભારત વિ. જાપાન સવારે 9.45 વાગ્યે

**કબડ્ડી:** મહિલા ટીમ, ભારત વિ. બાંગ્લાદેશ સાંજે 4.15 વાગ્યે

**મિક્સ માર્શલ આર્ટ્સ:** મહિલા ટ્રેડિશનલ -60 કિગ્રા, સુચિકા તારિયાલ વિ. તેઓ હુઈ હૂન (સિંગાપોર) સવારે 8.30 વાગ્યે

**સેપક ટાકરા:** પુરુષ ટીમ રેગુ પ્રિલિમિનરી ગ્રુપ B, ભારત વિ. જાપાન સવારે 5.30 વાગ્યે

**શૂટિંગ:** પુરુષ 10 મીટર એર રાઇફલ ઇન્ડિવિઝ્યુઅલ ક્વોલિફિકેશન, હિમાંશુ ઢિલોન, પાર્થ રાકેશ માને અને રુદ્રાંક્ષ બાલાસાહેબ પાટિલ સવારે 6.15 વાગ્યે

**શૂટિંગ:** મહિલા સ્કીટ ઇન્ડિવિઝ્યુઅલ ક્વોલિફિકેશન (દિવસ 1), પરીનાઝ ધાલીવાલ, રાઈઝા ઢિલન અને મહેશ્વરી ચૌહાણ સવારે 6.30 વાગ્યે

**શૂટિંગ:** પુરુષ સ્કીટ ઇન્ડિવિઝ્યુઅલ ક્વોલિફિકેશન (દિવસ 1), મિરાજ અહમદ ખાન, અનંત જીત સિંહ નરુકા અને ભવતેગ સિંહ ગિલ સવારે 6.30 વાગ્યે

**સોફ્ટ ટેનિસ:** મિક્સ ડબલ્સ ગ્રુપ B, આઢ્યા તિવારી અને જય મીના વિ. ચાઓ વીવા અને ખુન ચાનરોસેકા (કંબોડિયા) સવારે 5.30 વાગ્યે

**સોફ્ટ ટેનિસ:** મિક્સ ડબલ્સ ગ્રુપ B, આઢ્યા તિવારી અને જય મીના વિ. બુડ ન્યામદોર્જ અને એન્ખખુસલેન ગાનબાતાર (મંગોલિયા) સવારે 6.30 વાગ્યે

**સોફ્ટ ટેનિસ:** મિક્સ ડબલ્સ ગ્રુપ B, આઢ્યા તિવારી અને જય મીના વિ. કિમ ચોન-હ્વા અને પાર્ક જેક્યુ (સાઉથ કોરિયા) સવારે 7.30 વાગ્યે

**સ્વિમિંગ:** પુરુષ 50 મીટર બેકસ્ટ્રોક હીટ 2, રિષભ દાસ અને શ્રીહરિ નટરાજ સવારે 6.32 વાગ્યે

**સ્વિમિંગ:** પુરુષ 50 મીટર ફ્રીસ્ટાઇલ હીટ 2, આકાશ મણી સવારે 6.46 વાગ્યે

**સ્વિમિંગ:** પુરુષ 50 મીટર ફ્રીસ્ટાઇલ હીટ 4, હીર ગીતેશ શાહ સવારે 6.50 વાગ્યે

**સ્વિમિંગ:** પુરુષ 100 મીટર બ્રેસ્ટસ્ટ્રોક હીટ 2, ધનુષ સુરેશ સવારે 7.10 વાગ્યે

**સ્વિમિંગ:** પુરુષ 4x200 મીટર ફ્રીસ્ટાઇલ રિલે હીટ 2, ભારત સવારે 7.44 વાગ્યે

**ટેબલ ટેનિસ:** મહિલા ટીમ (ગ્રુપ F), ભારત વિ. પાકિસ્તાન સવારે 6.30 વાગ્યે

**ટેબલ ટેનિસ:** પુરુષ ટીમ (ગ્રુપ F), ભારત વિ. પાકિસ્તાન બપોરે 3.30 વાગ્યે

**વુશુ:** મહિલા 60 કિગ્રા, રોશીબીના દેવી વિ. મોસ્ટ શિકા ખાતુન (બાંગ્લાદેશ) બપોરે 3.00 વાગ્યે

**વુશુ:** પુરુષ 56 કિગ્રા, આર્યન વિ. શાહઝાદા સફી (અફઘાનિસ્તાન) બપોરે 3.50 વાગ્યે

## આજનું પંચાંગ

**તા. 21/09/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** સુદ: દસમ: 20:01
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા: 30
**યોગ :** શોભન **કરણ:** તૈતિલ
**નક્ષત્ર :** ઊ.ષા.:- વૃધ્ધિ નક્ષત્ર છે
**રાશિ:** ધન (ભ,ધ,ફ,ઢ) 11:16 પછી મકર (ખ,જ)
**દિવસ :** મિશ્ર- શ્રી મુંડિયાસ્વામી જન્મ જયંતી.
**સુરતમાં સૂર્યોદય :** 06:28 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:36
**નવકારસી :** 07:16
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 08મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 09મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે : 07.30થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નોકરીમાં પદ પ્રાપ્તી થાય. ઉપરીવર્ગના સાથ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. આવક વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** કરાર, સહી, સિક્કા બાબતે સાવધાની રાખવી. ચોર-લૂંટારૂથી નુકસાન થઈ શકે છે. પ્રવાસ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** અચાનક ભાગીદારીમાં નવા સોદા પાર પડે. સામાજીક કામમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** આરોગ્ય બાબતે સાવધાની રાખવી. હરીફોથી સાવધાન રહેવું. નોકરીમાં પ્રભાવ વધશે.

**સિંહ (મ,ટ,):** નવાં કામ મળે. નવા રોકાણ થાય. પ્રેમમાં વિશ્વાસ વધે. અભ્યાસમાં મદદથી નવી તક મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** વારસા બાબતે પ્રગતિ થાય. માતા-પિતાનો સાથ મળવાથી મકાન બાબતે અનુકુળતા થાય.

**તુલા (ર,ત,):** સહકર્મીઓનો સાથ મળવાથી રચનાત્મક કામ પાર પડે. વેપાર-ધંધા માટેની યોજના પાર પડે.

**વૃશ્ચિક (ન,ય,):** ખાણી-પીણી, મોજ-શોખ અને પારીવારિક ધંધામાં ભાગ્યનો સાથ મળે. આવક વધે. મન અશાંત રહે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આત્મવિશ્વાસ વધે. સામાજીક પ્રતિષ્ઠા વધે. નોકરીમાં પ્રમોશન થાય. આરોગ્ય નરમ-ગરમ રહે.

**મકર (ખ,જ,):** ખર્ચા વધશે. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. વિદેશથી શુભ સમાચાર મળે. પ્રવાસમાં સાવધાન.

**કુંભ (ગ,સ,શ,ષ,):** મિત્રોની મદદથી નવા વેપાર ધંધાનું આયોજન પાર પડે. મિત્રોથી સાવધાન રહેવું.

**મીન (દ,ચ,ઝ,થ,):** આવક વધે. નવા સોદા પાર પડે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. નવા રોકાણથી લાભ.

## કોઈ પણ સાલમાં 21 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતી વાળુ રહેશે. નોકરીમાં જવાબદારી સાથે સ્થાનફેરથી કામનો બોજ વધે. ધંધા-વેપારમાં હરીફો વધે. ઉઘરાણીની ચિંતા વધે. આર્થિક બાબતે ચડતી પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. સંતાનોના કામ, કેરીયર- અભ્યાસમાં સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં મિત્રો મદદ રૂપ બને. સરકારી કામ કોર્ટ-કચેરીમાં વિઘ્નો આવે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની દોડધામ અને મહેનત વધશે. ઊંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાનની યોજનામાં વડીલોનો સાથ મળે. આધુનિક ટેકનોલોજીનો લાભ મળે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થી શાંતિ મળે. વર્ષ દરમિયાન નવા રોકાણ બાબતે સાવધાની રાખવી. ફેબ્રુઆરી- માર્ચ તથા નવેમ્બર, ડીસેમ્બર, ગુરુ-શુક્રવાર, 03, 12, 30, 21 તારીખે નવા કામ કરવા સોનેરી રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈ, રવિ-બુધવાર 02, 5, 20, 29 તારીખે નવા કામ ટાળવો. લાલ-નીલા રંગનો ઉપયોગ ટાળવો.